# –:: સૌરાષ્ટ્રમાં ચણા ક્ષેત્રે ક્રાંતિ ::–

ચણાએ ગુજરાતનો ખૂબજ અગત્યનો કઠોળ પાક છે. ચણાનો બીજા કઠોળની જેમ મુખ્ય ઉપયોગ દાળ બનાવવામાં થાય છે. આ ઉપરાંત તેના લોટ (બેસન) માંથી મીઠાઈઓ અને વિવિધ ફરસાણ પણ બને છે. તેના સલાડ, દાળીયા અને શાકભાજી તરીકે પણ ઉપયોગ થાય છે. ગુજરાતમાં ચણાની ખેતી વરસોથી મુખ્યત્વે બિન પિયત તરીકે કરવામાં આવે છે. મોટા ભાગનો ચણાના વાવેતરનો વિસ્તાર (અંદાજે ૭૦ ટકા) બિન પિયત હેઠળ છે. પરંતુ સૌરાષ્ટ્ર વિસ્તારમાં પિયતની સુવિધાઓનો વધારો છેલ્લા પાંચ – છ વર્ષથી જળ સંરક્ષણ યોજનાઓને કારણે થતા હવે પિયત ચણાની ખેતી ખાસ કરીને સૌરાષ્ટ્રના જૂનાગઢ અને જામનગર જીલ્લામાં વધવા માંડી છે. જામનગર જીલ્લામાં લગભગ ૮૬% જેટલો અને જૂનાગઢમાં ૧૧૫% જેટલો વિસ્તાર છેલ્લા પાંચ – છ વર્ષમાં વધેલ છે. જેનો ફાળો ગુજરાત રાજયના કુલ વિસ્તાર વધારવામાં અને ઉત્પાદન વધારવામાં મુખ્યત્વે છે. ભારત, ગુજરાત અને સૌરાષ્ટ્રના ચણાના નીચે આપેલા વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતાના આંકડાઓનું પૃથ્થકરણ ખૂબજ રસપ્રદ છે.

વિસ્તાર : ૦૦ હેકટર
ઉત્પાદન : ૦૦ મે. ટન
ઉત્પાદકતા : કિલો/ હે

| વર્ષ | ભારત | | | ગુજરાત | | | સૌરાષ્ટ્ર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | વિસ્તાર | ઉત્પાદન | ઉત્પાદકતા | વિસ્તાર | ઉત્પાદન | ઉત્પાદકતા | વિસ્તાર | ઉત્પાદન | ઉત્પાદકતા |
| ૨૦૦૪–૦૫ | ૬૭૧૦૦ | ૫૪૭૦૦ | ૮૧૫ | ૧૨૨૭ | ૯૮૫ | ૮૦૩ | ૩૧૯ | ૨૯૫ | ૯૨૫ |
| ૨૦૦૫–૦૬ | ૬૯૩૦૦ | ૫૬૦૦૦ | ૮૦૮ | ૧૨૫૬ | ૧૨૬૩ | ૧૦૦૬ | ૪૦૯ | ૪૬૧ | ૧૧૨૭ |
| ૨૦૦૬–૦૭ | ૭૬૩૦૦ | ૬૩૩૦૦ | ૮૩૦ | ૧૯૭૦ | ૧૮૭૨ | ૯૫૦ | ૫૯૭ | ૭૨૨ | ૧૨૦૯ |
| ૨૦૦૭–૦૮ | ૭૫૮૦૦ | ૫૭૫૦૦ | ૭૫૯ | ૨૧૪૮ | ૨૧૦૨ | ૯૭૯ | ૬૩૯ | ૮૩૨ | ૧૩૦૨ |
| ૨૦૦૮–૦૯ | ૭૯૭૦૦ | ૭૦૬૦૦ | ૮૮૫ | ૧૭૫૪ | ૧૭૬૮ | ૧૦૦૮ | ૭૮૮ | ૧૦૬૯ | ૧૩૬૦ |
| ૨૦૦૯–૧૦ | ૮૭૪૦૦ | ૭૩૫૦૦ | ૮૪૧ | ૧૫૨૦ | ૧૩૮૦ | ૯૧૦ | ૫૧૪ | ૬૩૩ | ૧૨૩૨ |

રાજયમાં ચણાના વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતામાં સાર્થક વધારો થયો છે. ૨૦૦૭–૦૮ ના વર્ષમાં વરસાદની પરિસ્થિતી ખૂબજ સારી હતી ત્યારે બે લાખ જેટલો વિસ્તાર રાજયનો થયો. સૌરાષ્ટ્રનું ચિત્ર પણ ખૂબજ ઉજળું જણાય છે. વર્ષ ૨૦૦૪–૦૫ માં માત્ર ૩૧,૯૦૦ હેકટરના વિસ્તારમાંથી ૨૦૦૯–૧૦ માં ૫૧,૪૦૦ હેકટરે વિસ્તાર પહોંચ્યો. ઉત્પાદન પણ ૨૯,૫૦૦ મે. ટન થી વધી ૬૩,૩૦૦ મે. ટન થયું. પણ ઉત્પાદકતામાં તો ખૂબજ મોટો વધારો (૪૭.૦૩%) થયો. જે સમગ્ર રાષ્ટ્ર અને ગુજરાતની ઉત્પાદકતાના વધારાથી ખૂબજ આગળ છે. સૌરાષ્ટ્રની ઉત્પાદકતા આંધ્રપ્રદેશની ઉત્પાદકતા પછી બીજા ક્રમે આવે છે. સૌરાષ્ટ્રમાં ચણા ક્ષેત્રે ક્રાંતિ આવી એમ કહીએ તો કાંઈ ખોટું નથી. આના કારણોમાં મુખ્ય છે પિયત હેઠળનો વિસ્તાર વધારો, નવી સુધારેલી ચણાની જાતો (ગુજરાત ચણા ૧, ગુજરાત ચણા ૨ અને ગુજરાત જૂનાગઢ ચણા ૩) આધુનીક ખેતી ભલામણો જેવી કે ૨૦ કિલો/ હે સલ્ફર (ગંધક) તત્વ નાખવાથી ભલામણ અને ૨ ટકા યુરિયાનું દ્રાવણ બિનપિયત ચણામાં છાંટવાની ભલામણ. આમ સૌરાષ્ટ્રમાં પાંચ થી છ વર્ષ પહેલાં જે ચણાનું ચિત્ર હતું તે સાવ બદલાય ગયું છે. હજી પણ આગામી વર્ષોમાં ચણાનું ઉત્પાદન વધશે કારણકે તાજેતરમાં બહાર પડેલ ચણાની નવી જાત ગુજરાત જૂનાગઢ ચણા ૩ પિયતમાં લગભગ ૨૦૦૦ થી ૨૫૦૦ કિલો/ હે ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. આ જ જાત બિનપિયતમાં પણ વાવીને ૧૨૦૦ કિલો/ હે ઉત્પાદન મેળવી શકાય છે. આ જાત વહેલી પાકતી અને આકર્ષક મધ્યમ કદના પીળા રંગના દાણાં ધરાવતી રોગ પ્રતિકારક જાત છે. સૌરાષ્ટ્રમાં ચણાનો પાક ખૂબજ ઉજળું ભાવિ ધરાવે છે.

**E-mail : chickpea@jau.in Phone : (O) 0285 - 2672536 Fax : (0285) 2674064**